ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0



## વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

# મસાલા પાકના ઉત્પાદનની વૃધ્ધિ માટે ૬૬૦ ખેડુતોને ૭૭.૬૦ લાખની સહાય

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડુતોને મસાલા પાકોના ઉત્પાદનની વધ્ધિ માટે તાલુકારવાર કેટલા ખેડુતોને સહાય ચુકવવામાં આવી ? કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં કૃષિમંત્રીએ જણાંવ્યા મુજબ મસાલા પાકના ઉત્પાદનની વૃધ્ધિ માટે દહેગામ તાલુકાના ૬૫૦, ગાંધીનગરના ૫ માણસાના ૩ અને કલોલના ૨ સહીત કુલ ૬૬૦ ખેડુત લાભાર્થીઓને રૂ ૭૭.૬૦ લાખની સહાય ચુકવવામાં આવી છે. જયારે છેલ્લા બે વર્ષમાં ૨૫૬૧ ખેડુતોએ આ માટે અરજી કરી હતી. જયારે આ પૈકી ૩૭૭ અરજીઓ નામંજુર કરવામાં આવી છે. સહાય ચુકવવામાં ગેરરીતી અંગે કોઇ ફરિયાદ મળી નથી.

- **છેલ્લા બે વર્ષમાં ૧૪ સરકારી કાર્યક્રમોમાં ૩૯૨ બસો દોડી એસ ટી ને ૩૪.૭૯ લાખ ચુકવાયા**

છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં સરકાર દ્વારા કેટલા કાર્યક્રમમાં કેટલી એસ ટી બસોની માંગણી કરવામાં આવી તેમજ આ અન્વયે નિગમને કેટલી આવક ચુકવવામાં આવી અને બાકી ચુકવણાની રકમ કેટલી છે ? ધંધુકાના ધારાસભ્ય રાજેશ ગોહીલે પુછેલા આ પ્રશ્નના જવાબમાં વાહન વ્યવ્હાર મંત્રીએ આપેલા લેખિત જવાબમાં જણાંવ્યા મુજબ છેલ્લા બે વર્ષમાં નિગમે વિવિધ ૧૪ કાર્યક્રમો માટે ૩૯૨ બસો ફાળવી છે. જયારે આ અન્વયે અત્યાર સુધીમાં રૂ ૩૪.૭૯ લાખની રકમ ચુકવવામાં આવી છે. જયારે રૂ ૨૦.૮૦ લાખ જેટલી રકમ ચુકવવાની બાકી છે.

- **આર ટી ઓ કચેરીએ ૩૫૬ ઓવરલોડ વાહનોને ૩૭.૧૧ લાખનો દંડ કર્યો**

ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ માં ઓવરલોડ વાહનો સામે કેટલા કેસ કરવામાં આવ્યા તેમજ કેટલો દંડ વસુલાયો ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરના પ્રશ્નના જવાબમાં વાહન વ્યવ્હાર મંત્રીએ જણાંવ્યા મુજબ છેલ્લા વર્ષમાં જિલ્લામાં ૩૫૬ વાહનો સામે કેસ કરવામાં આવ્યા જયારે આ બદલ રૂ ૩૭.૧૧ લાખનો દંડ વસુલાયો

- **કોલ્ડ સ્ટોરેજ માટે ૧૧.૯૮ કરોડની સહાય**

શાકભાજી અને ફળોના પાકોના સંગ્રહ માટે કોલ્ડ સ્ટોરેજ માટેની યોજના માટે રાજય સરકારે કેટલા લાભાર્થીઓને સહાય ચુકવી તેવા દહેગામના ધારાસભ્યના પ્રશ્નના જવાબમાં કૃષિ મંત્રીએ આપેલા લેખિત જવાબમાં જણાંવ્યા મુજબ બાગાયત ખાતા તરફથી ૬ કોલ્ડ સ્ટોરેજને ૧૧૯૮.૫૦ લાખની સહાય ચુકવવામાં આવી છે.

- **જંતુનાશક દવાના ૧૯૨ નમુના લેવાયા ૨ બિનપ્રમાણિત**

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં જંતુનાશક દવાઓના કેટલા નમુના તાલુકાવાર લેવામાં આવ્યા ? ધંધુકાના ધારાસભ્ય રાજેશભાઇ ગોહીલે પુછેલા પ્રશ્નના જવાબમાં કૃષિમંત્રીએ જણાંવ્યા મુજબ બે વર્ષમાં ૧૯૨ નમુના લેવાયા જયારે ૨ નમુના બિનપ્રમાણિત હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે આ બે બિનપ્રમાણિત નમુનાઓ પૈકી એક કિસ્સામાં જવાબદાર ઉત્પાદક અને વિક્રેતાઓ સામે કાર્ટ કેસ દાખલ કરવામાં આવ્યો છે. જયારે એક કિસ્સામાં કારણદર્શક નોટીસ આપવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર





ગેર ઉત્સવ - મારવાડી સાતમ તરીકે ઓળખાતા ગેર ઉત્સવમાં રાજસ્થાની પરિવારો મન મુકીને નાચે છે... દેશભરમાં પથરાયેલા રાજસ્થાની પરિવારો જ્યાં હોય ત્યાં હોળી બાદ સાતમા દિવસે લાઠી લઈ અવનવી કરતબોવાળા નૃત્યો કરે છે... તાલ અને લયના આધારે ઝુલતા મારવાડી પરિવારોને જોવાનો પણ અનેરો લ્હાવો છે... ગાંધીનગરમાં ગુરૂવારે રાત્રે સેક્ટર-૨૪ ખાતે રાજસ્થાની પરિવારોએ મોટી સંખ્યામાં સાથે મળી ગેર ઉત્સવ ઉજવ્યો હતો...

# ગાંધીનગરના વિકાસ માટે ૨૫૪ કરોડની જોગવાઈ

## જુના સચિવાલયના રીડેવલપમેન્ટ માટે ૫૦ કરોડ ખર્ચાશે : બી અને સી કેટેગરીના આવાસ તેમજ રેલવે અન્ડરબ્રિજનો સમાવેશ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના વિકાસની નવીન કાર્યયોજનાઓને વેગ આપવા માટે પાટનગર યોજનાના વિકાસ કામો માટે રૂ. ૨૫૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં જુના સચિવાલયના રીડેવલપમેન્ટ માટે રૂ. ૫૦ કરોડની યોજના હાથ ધરાશે. આ ઉપરાંત બી અને સી કક્ષાના નવા આવાસો માટે પણ રૂ. ૧૪૯ કરોડની માંગણી કરવામાં આવી છે. જ્યારે ક અને ખ માર્ગને જોડતા રેલવે અંડર બ્રિજનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

નાયબ મુખ્યમંત્રી અને માર્ગ-મકાનમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, રાજયના હાર્દસમા પાટનગર ગાંધીનગરની કાયાપલટ કરવાનો રાજ્ય સરકારે મક્કમ નિર્ધાર કર્યો છે. આ વર્ષના અંદાજપત્રમાં પાટનગર યોજનાના વિવિધ વિકાસકામો માટે રૂા. ૨૫૪.૫૦ કરોડની જોગવાઇ કરાઇ છે. જેમાં ગાંધીનગરના વિવિધ સેકટરોમાં ''બી'' કેટેગરીના ૨૮૦ તથા ''સી'' કેટેગરીના ૨૮૦ આવાસોનું રૂા. ૧૪૯.૮૦ કરોડના ખર્ચે નિર્માણ કરાશે.

આજે વિધાનસભા ખાતે ગુજરાત પાટનગર બાંધકામ યોજનાના અંદાજપત્રીય માંગણીઓ પર બોલતાં માર્ગ-મકાનમંત્રીએ જણાવ્યું હતું કે આ વર્ષના અંદાજપત્રમાં પાટનગરના વિકાસ માટે જોગવાઈ કરી છે. તેમાં સેકટર-૧૯ના જીમાખાનાના પુનઃ વિકાસ માટે રૂા. ૧૫.૬૪ કરોડની જોગવાઈ કરાઈ છે તેમજ કર્મયોગી ભવન ખાતે નવા બે બ્લોક નિર્માણ કરવાનું રાજ્ય સરકારનું આયોજન છે. સાથે સાથે ગાંધીનગર ખાતે વિવિધ સેકટરોમાં ''ચ'' કક્ષાના આવાસોના બાંધકામ માટે રૂા. ૮૨ કરોડની યોજના માટે આ વર્ષે રૂા. પાંચ કરોડની જોગવાઈ, ''ક'' અને ''ખ'' રોડને જોડતા રસ્તા પર રાજ્ય સરકાર તથા રેલવે વિભાગ દ્વારા ૫૦ : ૫૦ ટકાના ધોરણે રેલવે બ્રીજની રૂા. ૩૦ કરોડની યોજના છે. તે માટે રૂા. ૧૫ કરોડની જોગવાઈ અને ગાંધીનગર ખાતે જુના સચિવાલય, ડૉ. જીવરાજ મહેતા ભવનના રી-ડેવલપમેન્ટ અને નવા બહુમાળી મકાનના બાંધકામ માટે રૂા. ૫૦ કરોડની યોજના હેઠળ રૂા. ૧૭.૫૦ કરોડની જોગવાઈ આ બજેટમાં કરાઇ છે.

તેમણે ઉમેર્યું કે, ગાંધીનગરના વિવિધ સેકટરોમાં રૂા. ૬૫ કરોડના ખર્ચે બંધાઇ રહેલા 'બી' અને 'સી' કેટેગરીના ૩૯૨ આવાસોના કામો પ્રગિત હેઠળ છે તથા સેકટર-૨૧ ખાતે રૂા. ૨૫ કરોડના ખર્ચે ક્રિકેટ મેદાન સુધારણાનું કામ પણ પ્રગતિ હેઠળ છે.

● અનુસંધાન પાન-૭ પર

## વિધાનસભાના સમયમાં ફેરફાર કરાયો

ગુજરાત વિધાનસભાના સમયમાં ફેરફાર કરવાના મહત્વના નિર્ણયની આજે વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ જાહેરાત ગૃહમાં કરી છે. આ સમયનો ફેરફાર મંગળવારને ૧ ૩મી માર્ચથી અમલી બનશે. નવા સમય મુજબ મંગળવારથી ગૃહ ૧૧ વાગે શરૂ થશે અને તે સાંજે ૪.૩૦ સુધી કામ કરશે. અગાઉ જે રિસેષનો સમય ૪૫ મિનિટનો હતો તેમાં પણ ફેરફાર કરી અને આ સમય ૧ કલાકનો કરાયો છે જેમાં રિસેષનો સમય ૧.૩૦ થી ૨.૩૦નો રાખવાનો નિર્ણય લીધો છે. શુક્રવારે ગૃહ સવારે ૯.૩૦ વાગે મળશે અને બપોરના બે વાગ્યા સુધી કામકાજ કરશે. જેમાં રિસેષનો સમય ૧૧.૩૦ થી ૧૨નો રહેશે. બે બેઠક હશે તો સવારે ૯.૩૦ થી ૨ વાગ્યા સુધી પ્રથમ બેઠક બીજી બેઠક ૩ વાગ્યાથી ૪.૩૦ સુધી ચાલશે. આ નિર્ણય મેં મને મળેલી રજુઆતો પછી દંડકો સાથે ચર્ચા વિચારણા કરીને લીધો છે.

## માર્ગ-મકાન મંત્રી નીતિન પટેલની જાહેરાતોના મુખ્ય અંશ

- એસટીસીમાં ૨૦૧૭-૧૮ દરમ્યાન ૧૧૯૨ કર્મયોગીઓને વિવિધ તાલિમ પ્રદાન કરવામાં આવી છે. આ ઉપરાંત અન્ય સંસ્થાઓમાં રાજ્યના ૩૧ ઈજનેરોને તાલિમ આપવામાં આવી છે.
- તાલુકા મથકને જિલ્લા મથક સુધી જોડવાના માર્ગો ૭ મીટર સુધીના પહોળા કરવામાં આવશે.
- ''ફ્રી મેઈન્ટેનન્સ પિરિયડ''ની જોગવાઈમાં સુધારો કરી ત્રણ વર્ષને બદલે પાંચ વર્ષ રાખવામાં આવશે.
- કર્મયોગી ભવન ખાતે કચેરીઓ માટે વધુ બે બ્લોક બનાવવામાં આવશે.
- કામગીરી ગુણવત્તાસભર બનાવવા કામોની ગુણવત્તાને ત્રણ પ્રકારના રેટીંગ આપવાનો પણ મહત્વનો નિર્ણય સરકારે કર્યો છે. જેમાં ''સંતોષકારક'' ''સુધારણાને અવકાશ'' અનો ''અસંતોષકારક'' એમ રેટીંગ અપાશે.
- અંબાજી, ડાકોર, મોડાસા, સુરત તથા દ્વારકા ખાતે નવા અતિથિગૃહ બનાવાશે.
- ગાંધીનગર ખાતે વિવિધ સેક્ટરોમાં 'ચ' કક્ષાના આવાસોના બાંધકામ માટે રૂ. ૮૨ કરોડના કામો માટે રૂ. પાંચ કરોડની જોગવાઈ કરાઈ છે.

## ચિલોડા-ગાંધીનગર-સરખેજ ધોરીમાર્ગ છ માર્ગીય બનાવવા ૮૪૫ કરોડનો ખર્ચ

ગાંધીનગર તા ૯

ચિલોડા ગાંધીનગર સરખેજ રાષ્ટ્રીય ધોરીમાર્ગને ૧૯.૨૦ કિમી લંબાઈમાં છ માર્ગીય કરવા માટે તેમજ રૂટમાં ૭ નવા ફલાય ઓવર બનાવવા માટે રૂ ૮૪૫.૯૮ કરોડનો ખર્ચ મંજુર કરવામાં આવ્યો છે. આ માર્ગને અનુલક્ષીને ૪.૧૮ કી મી લંબાઈનો કોરીડોક, સળંગ લંબાઈમાં સર્વિસ રોડ તેમજ અદ્યતન સુવિધાઓ સહીતની કામગીરી હાથ ધરાશે. આ કાર્યયોજના અન્વયે ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરાશે. જયારે પાટનગર અને મેટ્રો સીટી અમદાવાદને જોડતા આ મહત્વના રાષ્ટ્રીય ધોરીમાર્ગ સંપુર્ણ છ માર્ગીય બનશે. ગાંધીનગર અમદાવાદને જોડતા આ માર્ગની કાયાપલટ થઈ જશે. જયારે આ માર્ગને સંપુર્ણ અપગ્રેડ કરવાની તોતિંગ અને ખર્ચાળ યોજના સાકાર થતા આગામી દિવસોમાં વધતા ટ્રાફિકની અવરજવર વધુ સરળ અને ઝડપી બનશે.


## બીજી પુણ્યતિથિએ ભાવાંજલિ



સ્વ. મનુપ્રસાદ એલ. જોષી
સ્વ. તા. ૧૦-૦૩-૨૦૧૬

जातस्य ही ध्रुवो मृत्यु - ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥
(શ્રીમદ ભગવદ ગીતા - ૨-૨૭)

જન્મેલાનું મૃત્યુ નક્કી છે અને મરેલાનો જન્મ નક્કી છે. તેથી ટાળી ન શકાય એવી આ બાબતમાં શોક કરવાનું તારા માટે યોગ્ય નથી.
(શ્રીમદ્ ભગવત્ ગીતા ૨-૨૭)

પપ્પાજી,
આપની બીજી પુણ્યતિથિએ
શત્ શત્ પ્રણામ...

લિ.
ગં.સ્વ. સુધાબેન એમ. જોષી

| | |
|---|---|
| ડો. વિજયભાઈ એમ. જોષી | ડો. ભારતીબેન વી. જોષી |
| મયુરી એસ. ઉપાધ્યાય | ડો. સંજયકુમાર એચ. ઉપાધ્યાય |
| મૃણાલિની વી. ત્રિવેદી | ડો. વિપુલકુમાર એચ. ત્રિવેદી |
| ધારીણી સી. ભટ્ટ | શ્રી ચિરાગકુમાર જી. ભટ્ટ |

જયવી, દિવ્યાંગ, કર્તવી, પર્વ, હીર


# રવિવારે પલ્સ પોલિયોનો બીજો રાઉન્ડ

ગાંધીનગર, તા. ૯

રવિવારના રોજ ગાંધીનગર શહેરમાં પલ્સ પોલિયો અભિયાનના બીજા રાઉન્ડનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર મનપાના આરોગ્ય અધિકારી ડૉ. ગોસ્વામીએ આજે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું હતું કે શહેરના ૨૮૧૬૭ બાળકોને આ અભિયાનમાં આવરી લેવામાં આવશે. આ માટે શહેરમાં ૧૦૫ બુથ, પાંચ મોબાઈલ ટીમ તેમજ ૭ ટ્રાન્સીટ પોઈંટ નિયત કરવામાં આવેલ છે.

તેમણે જણાવ્યું હતું કે ૧૯૯૫થી આ અભિયાન દર વર્ષે હાથ ધરવામાં આવે છે. આ વર્ષે આ બીજો રાઉન્ડ ૧૧મી માર્ચના રોજ સવારે ૮ વાગ્યાથી યોજવામાં આવશે. મનપાના ૫૦૦ જેટલા કર્મચારીઓ આ અભિયાનમાં જોતરાશે. જેમાં મુખ્યત્વે નર્સીંગ કોલેજની બહેનો, આંગણવાડી કાર્યકરો, આરોગ્ય કાર્યકરનો સમાવેશ થાય છે.


શ્રાવણ માસમાં હરિદ્વાર ખાતે
''રામકથા'' નું આયોજન
ચાલો ચાલો માઁ ગંગાની
ગોદમાં પાવન ભુમી ''હરિદ્વાર''
દર વર્ષની જેમ આ વર્ષે પણ 'સુંદરધામ'
પરિવાર દ્વારા ભવ્ય કથાનું આયોજન
શ્રાવણ મહિનામાં હરિદ્વાર ખાતે આયોજન કરેલ છે.
યાત્રા પ્રારંભ : તા.૧-૯-૨૦૧૮, શનિવાર
કથા પ્રારંભ : તા.૨-૯-૨૦૧૮, રવિવાર
કથા સમય : દરરોજ સવારે ૯ થી ૧૨
કથા વિરામ : તા.૮-૯-૨૦૧૮, શનિવાર
સંપૂર્ણ યાત્રા ૯ દિવસની રહેશે
યાત્રા રેલ્વે દ્વારા કરવામાં આવશે.
સંપૂર્ણ યાત્રા ખર્ચ : રૂા.૫૦૦૦/- છે.
સિનીયર સિટીજન ખર્ચ : રૂા.૪૫૦૦/- છે. (૬૦ વર્ષ)
AC/રૂમ - AC/ટ્રેન ટીકિટના અલગ રૂપિયા
યાત્રામાં જોડાવવા વહેલા મા વહેલી તકે સંપર્ક કરવો.



શ્રી ભારતીબાપુ
m.8141217050
m.9428595741
m.9374177184
m.9327003940
''સુંદરધામ''
હનુમાનજી મંદિર.રેલ્વેફાટક પાસે.રાધેજા



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com